Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:એનએસએસ/સ્પર્ધા/૪૨૫/૨૦૨૪
તા.૦૪/૦૧/૨૦૨૪

પ્રતિ,
એન.એસ.એસ. સંલગ્ન વી.ન.દ.ગુ.યુનિની
તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ

**વિષયઃ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**
સંદર્ભ :- (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો પત્ર
ક્રમાંક:NSS/સ્પર્ધા/૨૦૨૪/૩૮૩-૪૪૫ તા.૦૩/૦૧/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવા ભારત ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર સંયુકત વકતૃત્વ સ્પર્ધાનો પ્રસ્તાવ આવેલ છે. જેમાં નીચે મુજબના વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. આપશ્રીની કોલેજ કક્ષાએ નીચેના મુદ્દાઓ પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. આ કોલેજ કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર યુનિવર્સિટી કક્ષાએ આયોજિત થનાર સ્પર્ધામાં ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાં વિજેતાઓને ઇનામની રોકડ રકમ મળવાપાત્ર રહેશે. **આ સ્પર્ધાની વિસ્તૃત માહિતી અને નિયમો અને શરતો માટે આ પત્ર ખુબ જ ધ્યાનપૂર્વક વાંચવાનો રહેશે. વકતૃત્વ સ્પર્ધામાં કૃતિ રજુ કરવાનો સમય ૦૫:૦૦ મિનીટનો રહેશે જેની તમામ સ્પર્ધકોએ નોંધ લેવાની રહેશે.**

મુખ્ય મુદ્દાઓ :-

**૧. મિશન સ્વચ્છ સાયબર ભારત**
- પ્રસ્તાવના
- ઓટીટી, સોશિયલ મીડિયા, ફિલ્મો અને બીજા માધ્યમો દ્વારા મનોરંજનના નામે પ્રસારિત થતી અભદ્રતા
- સ્વચ્છ સાયબર ભારતનું મહત્વ
- સમાજ પર પડી રહેલી અસરો
- વિકૃતિઓના વાવાઝોડા સામે સમાજમાં મૂલ્યોની રક્ષાની તાતી આવશ્યકતા
- ઉપસંહાર

**૨.ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ**
- પ્રસ્તાવના
- ચારિત્ર એટલે શું?
- ચારિત્ર નિર્માણ માટે ક્યાં ગુણો આત્મસાત કરવા પડે ?
- યુવા જીવન બરબાદ કરનારા તત્વો
- અશ્લીલ કાર્યક્રમોના સંપર્કમાં રહેવાના કારણે થઇ રહેલું નુકસાન
- રાષ્ટ્ર નિર્માણમાં ચારિત્ર સંપન્ન યુવાનોની ભુમિકા
- ઉપસંહાર

**૩. શીલ સંસ્કૃતિ અને સદાચાર રક્ષા**
- પ્રસ્તાવના
- અર્થ

- મહત્વ
- ઉપયોગીતા
- વર્તમાન સમયમાં શીલ સંસ્કૃતિ પરના પ્રહારોના દાખલા
- શીલ સંસ્કૃતિ પરના પ્રહારો અયોગ્ય તત્વો સરળતાથી કરી શકે છે તેના કારણો
- ઇતિહાસમાં શીલ સંસ્કૃતિની રક્ષા માટે ન્યોછાવર થઇ ગયેલા બલિદાનિઓની વાતો
- જ્યાં સદાચારનું રક્ષણ નથી થતું ત્યાં બનતા ખરાબ બનાવનો ચિતાર
- ઉપસંહાર

## ૪. વર્તમાન સમયની અનિવાર્યતા મૂલ્ય શિક્ષણ

- પ્રસ્તાવના
- શિક્ષણ અને સંસ્કારોનો મનુષ્યના જીવન પર પ્રભાવ
- મહાપુરુષો દ્વારા શિક્ષણની થયેલી સાચી વ્યાખ્યાઓ
- ગુલામી અને આક્રમણ પહેલા ભારતની અસાધારણ શિક્ષણ વ્યવસ્થા
- મૂલ્ય શિક્ષણ વગરની પરિસ્થિતિના ઉદાહરણો
- ભારતીય પરંપરામાં આપવામાં આવતા સહજ મૂલ્ય શિક્ષણ
- વર્તમાન નવી શિક્ષણ નીતિ દ્વારા મૂલ્ય શિક્ષણને કેવી રીતે કેન્દ્રમાં લાવી શકાય ?
- મૂલ્ય શિક્ષણ દ્વારા આવેલા પરિવર્તનના ઉદાહરણો
- ઉપસંહાર

## ૫. રાષ્ટ્રીય સેવા યોજના એક ભારત શ્રેષ્ઠ ભારત

- પ્રસ્તાવના
- રાષ્ટ્રીય સેવા યોજનાનું મહત્વ
- શિક્ષણ સાથે રાષ્ટ્રીય સેવા યોજનાનું સંકલન
- વર્તમાન રાષ્ટ્રીય સેવા યોજનાના મૂલ્યો
- રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃતિ
- ચારિત્ર્ય ઘડતરમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો ફાળો
- ઉપસંહાર

આ વકતૃત્વ સ્પર્ધા સમગ્ર ગુજરાતના કોલેજના વિદ્યાર્થીઓ માટે એકસાથે આવવાની અને આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને નૈતિકતાનું રક્ષણ અને જાળવણી કેવી રીતે કરવી તે અંગેના તેમના વિચારો શેર કરવાની તક હશે. આ સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજાશે.

• **પ્રથમ તબક્કો** <u>**કોલેજ કક્ષાએ**</u> યોજાશે. દરેક કોલેજમાંથી ત્રણયે વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે. પ્રથમ ક્રમે આવનાર વિજેતાને યુનિવર્સિટી કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.

• **બીજો તબક્કો** <u>**યુનિવર્સિટી કક્ષાએ**</u> યોજાશે. દરેક યુનિવર્સિટીમાંથી ટોચના ત્રણ વિજેતાઓ હશે. ત્રણ વિજેતાઓને રાજ્ય કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.

• **અંતિમ તબક્કો** <u>ગુજરાત સ્તરે</u> યોજાશે. રાજય કક્ષાએ ઉતીર્ણ થનાર વિદ્યાર્થીને Best Sanskrutik Speaker of Gujarat થી સન્માનિત કરવામાં આવશે અંતિમ ચરણ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાશે.

**-: ઉપરોક્ત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની સંભવિત તારીખો :-**

- ❖ કોલેજ કક્ષાએ તા.૦૫-૦૧-૨૦૨૪ થી ૨૦-૦૧-૨૦૨૪
- ❖ યુનિવર્સિટી કક્ષા તા. ૨૧-૦૧-૨૦૨૪ થી ૩૧-૦૧-૨૦૨૪
- ❖ રાજ્યકક્ષાની તારીખ નક્કી કરીને જણાવવામાં આવશે.

કોલેજ કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

પત્રક-૦૧

| ક્રમ | કોલેજનો પ્રકાર | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧. | એન.એસ.એસ. સંલગ્ન તમામ કોલેજો | રૂ.૫૦૧/- | રૂ.૨૫૧/- | રૂ.૧૦૧/- |

પત્રક-૦૨

યુનિવર્સિટી કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

| ક્રમ | યુનિવર્સિટી નો પ્રકાર | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧. | એન.એસ.એસ. સંલગ્ન તમામ યુનિવર્સિટી | રૂ.૧૧,૦૦૦/- | રૂ.૭,૦૦૦/- | રૂ.૫,૦૦૦/- |

પત્રક-૦૩

રાજ્ય કક્ષાએ રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ સંભવિત છે.

| ક્રમ | રાજ્ય કક્ષાએ | પ્રથમ વિજેતાને મળવાપાત્ર રકમ | બીજા વિજેતાને મળવાપાત્ર રકમ | ત્રીજા વિજેતાને મળવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૧ | રૂ.૧,૦૦,૦૦૦/- | રૂ.૭૧,૦૦૦/- | રૂ.૫૧,૦૦૦/- |

ઉપરોક્ત વકતૃત્વ સ્પર્ધા માટે થનાર ખર્ચ અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ એન.એસ.એસની નિયમિત પ્રવૃતિના અનુદાનમાંથી કરવાનો રહેશે. તેમજ નિયત તારીખમાં જ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

(ડો. પ્રકાશચંદ્ર)
પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર
NSS,VNSGU

નકલ રવાના :

- કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT.